રાંદેરમાં સિલિન્ડર બ્લાસ્ટમાં મકાન ધરાશાયી

નવા આવેલા સિલિન્ડરને રેગ્યુલેટર સાથે જોડી પાણી ગરમ કરવા ગેસ ચાલુ કરતા જ દુર્ઘટના સર્જાઈ

સિલિન્ડરમાં બ્લાસ્ટ થતાં ફર્નિચર, અનાજ અને રોકડ સહિતનો સામાન ખાખ



સુરત : રાંદેર ગામના પાયકવાડ વિસ્તારમાં આજે સવારે ગેસ સિલિન્ડરમાં પ્રચંડ બ્લાસ્ટ થતાં ભારે અફરાતફરી મચી ગઈ હતી. ગ્રાઉન્ડ પ્લસ એક માળના લાકડાના નળિયાંવાળા કાચા મકાનમાં બ્લાસ્ટ બાદ લાગેલી આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું. બ્લાસ્ટ એટલો પ્રચંડ હતો કે મકાનની છત અને દિવાલોને નુકસાન થવાની સાથે ઉપરનો માળ પણ બેસી ગયો હતો. આગ બાજુના મકાનમાં પણ પ્રસરી જતાં ત્યાં પણ ભારે નુકસાન થયું હતું. ઘટનાની જાણ થતાં ફાયર વિભાગની ત્રણ અલગ-અલગ ટીમો તાત્કાલિક સ્થળ પર દોડી ગઈ હતી.

સબ ફાયર ઓફિસર ગિરીશ સેલરે જણાવ્યું હતું કે, રાંદેર ગામના પાયકવાડ વિસ્તારમાં 15-4માં ઈરફાનભાઈનું ગ્રાઉન્ડ પ્લસ વનનું લાકડાના નળિયાંવાળું મકાન આવેલું છે. મકાનના ઉપરના માળે તેમના ફોઈ રહે છે. આજે સવારે 10 વાગ્યે ઘરમાં ગેસ સિલિન્ડરનો બ્લાસ્ટ થયો હતો. સવારે જ ગેસની બોટલની ડિલિવરી કરવામાં આવી હતી. પરિવારજનોએ સિલિન્ડર રેગ્યુલેટર સાથે જોડીને પાણી ગરમ કરવા ગેસ ચાલુ કરતાં જ અચાનક આગ ભભૂકી ઊઠી હતી. ત્યારબાદ ગણતરીની ક્ષણોમાં જ સિલિન્ડર ધડાકાભેર ફાટ્યો હતો.

સાંકડી ગલીમાં ફાયરની ગાડીઓને પહોંચવામાં ભારે મુશ્કેલી થઈ

રાંદેર ગામના પાયકવાડ વિસ્તારની સાંકડી ગલીઓમાં ગેસ સિલિન્ડર બ્લાસ્ટની ઘટના બનતાં ફાયર વિભાગની ટીમો સામે પણ મુશ્કેલી ઊભી થઈ હતી. આગની જાણ થતાં ફાયર વિભાગની ત્રણ અલગ-અલગ ટીમો તાત્કાલિક રવાના કરવામાં આવી હતી, પરંતુ સાંકડા રસ્તાઓ અને ગીચ રહેણાક વિસ્તારને કારણે ફાયરની ગાડીઓને ઘટનાસ્થળ સુધી પહોંચવામાં ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. તેમ છતાં ફાયર જવાનોએ ઉપલબ્ધ સાધનોની મદદથી આગ પર પાણીનો મારો શરૂ કર્યો હતો. સતત બે કલાકની જહેમત બાદ આગને કાબૂમાં લેવામાં સફળતા મળી હતી.

બે મહિલા પણ આગમાં ફસાઈ હતી

ગેસ સિલિન્ડર બ્લાસ્ટ બાદ લાગેલી આગની ઘટનામાં બે મહિલાઓ પણ મકાનમાં ફસાઈ ગઈ હતી. અચાનક આગ અને બ્લાસ્ટને કારણે ઘરમાંથી બહાર નીકળવા માટે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. જોકે, ઘટનાની ગંભીરતા સમજી સ્થાનિક લોકો તાત્કાલિક મદદે દોડી આવ્યા હતા. ફાયર બ્રિગેડની ટીમો સ્થળ પર પહોંચે તે પહેલાં જ સ્થાનિકોએ ભારે જહેમત ઉઠાવી બંને મહિલાઓને સુરક્ષિત રીતે બહાર કાઢી લીધી હતી.

ત્રણ ગેસ સિલિન્ડરો પણ મકાનમાં હતા

જે ઘરમાં સિલિન્ડર બ્લાસ્ટની ઘટના ઘટી હતી તેજ ઘરમાં બીજા ત્રણ જેટલી બોટલો સ્ટોરેજ કરીને રાખી હતી, સદ નસિબે આ બોટલો પણ આગની લપેટમાં આવી ન હતી તેવુ સબ ફાયર ઓફિસર ગિરિસ સેલરે જણાવ્યુ હતુ. ફાયર બ્રિગેડની ટિમે સર્તકતા દાખવીને સૌથી પહેલાં આ બોટલોને બાહર કાઢી લઈ સલામત સ્થળે ખસેડી હતી.જો આ સિલિન્ડરોમાં પણ બ્લાસ્ટ થતે તો આખુ મકાન નિચે બેસી જતે તેવુ પણ ફાયર બ્રિગેડનાં સુત્રોનુ કહેવું હતુ.

છતનાં નળિયાં પણ બ્લાસ્ટને કારણે ઊડી ગયાં

સિલિન્ડર બ્લાસ્ટની તીવ્રતા એટલી પ્રચંડ હતી કે મકાનની છત પર લગાવેલાં નળિયાં દૂર સુધી ઊડી ગયાં હતાં. બ્લાસ્ટના કારણે મકાનની દિવાલો અને છતને પણ ભારે નુકસાન થયું હતું. ઉપરના માળનો કેટલોક ભાગ ધરાશાયી થઈ નીચે આવી ગયો હતો. લાકડાનું બાંધકામ અને નળિયાંવાળી છત હોવાથી આગે ગણતરીની મિનિટોમાં જ વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું. ઘરમાં રહેલો સામાન બચાવવાનો પણ સમય મળ્યો નહોતો. સમગ્ર ઘરવખરી આગની ઝપેટમાં આવી જતાં પરિવારને મોટું આર્થિક નુકસાન વેઠવાનો વારો આવ્યો હતો.

શહેરભરમાં જલારામ બાપાની જન્મજયંતીની ભાવપૂર્વક ઉજવણી

વિવિધ જલારામ મંદિરોમાં દિવસભર ધાર્મિક કાર્યક્રમો યોજાયા, ભજન-કીર્તન, મહાઆરતી અને મહાપ્રસાદીનો ભક્તોએ લાભ લીધો

સુરતઃ સેવાભાવ, અન્નદાન અને માનવતાનો સંદેશ આપનાર સંત શિરોમણિ પૂજ્ય જલારામ બાપાની ૨૨૭મી જન્મજયંતીની આજે સોમવાર, તા. ૧૬ નવેમ્બરના રોજ સુરત શહેરમાં ભક્તિભાવ અને ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. કારતક સુદ સાતમના પવિત્ર દિવસે શહેરના વિવિધ વિસ્તારોમાં આવેલા જલારામ મંદિરોમાં ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. વહેલી સવારથી જ મંદિરોમાં દર્શન માટે ભક્તોની અવરજવર જોવા મળી હતી. જન્મજયંતી નિમિત્તે શહેરમાં જલારામ મંદિરોને રંગબેરંગી રોશની, ફૂલો, ધજા અને તોરણોથી શણગારવામાં આવ્યાં હતાં. મંદિરોમાં વિશેષ પૂજા-અર્ચના, ભજન-કીર્તન, અખંડ ધૂન, અન્નકૂટ દર્શન, મહાઆરતી અને મહાપ્રસાદીનાં કાર્યક્રમો યોજાયા હતા. જલારામ બાપાના દર્શન કરી ભક્તોએ ધન્યતા અનુભવી હતી. અનેક સ્થળોએ ભક્તો માટે ભંડારા અને મહાપ્રસાદીની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી. પાલનપોર સ્થિત શ્રી જલા સાઈ-મોઢેશ્વરી (માતંગી) મંદિર, મીની વિરપુર ધામ ખાતે પણ જલારામ બાપાની જન્મજયંતીની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ભવ્ય મહાપ્રસાદી અને ભંડારાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં ભક્તોએ ઉપસ્થિત રહી પ્રસાદનો લાભ લીધો હતો. સમગ્ર શહેરમાં જલારામ બાપાનાં જયઘોષથી વાતાવરણ ભક્તિમય બન્યું હતું. જલારામ બાપાએ પોતાના જીવન દ્વારા આપેલા સેવા, સમર્પણ, પરોપકાર અને અન્નદાનના સંદેશને યાદ કરી ભક્તોએ તેમના આદર્શોને જીવનમાં ઉતારવાનો સંકલ્પ કર્યો હતો.

મશીન ચાલુ કરતાં જ બંધ થઈ જાય છે અચાનક સાપ નીકળે છે!

સુરત નજીક ભાટપોરમાં ઓએનજીસી પ્રોજેક્ટ અટક્યો હતો: ૩૫૦ વર્ષ જૂના 'આસપાસ દાદા' મંદિરની ચમત્કારી ગાથા.

ઓઇલ એન્ડ નેચરલ ગેસ કોર્પોરેશન (ONGC) ના પ્રોજેક્ટ વખતે બનેલી ઘટનાથી તંત્ર દોડતું થયું હતું

આસ્થા અને ચમત્કાર: કંપનીએ મંદિરની જગ્યા છોડીને અન્યત્ર કામ શરૂ કરતાં પ્રોજેક્ટ સડસડાટ પાર પડ્યો



સુરત: 'સાબ, યહાં પર કામ નહીં હો શકતા,' કામ શરું કર તે હી મશીન બંધ હો જાતી હૈ? ઔર કહાંસે સર્પ આ જાતે હૈ પતા નહીં', સુરતથી ૧૭ કિલોમીટર દૂર આવેલા ભાટપોર ગામે ONGC (ઓઇલ એન્ડ નેચરલ ગેસ કોર્પોરેશન) ના પ્રોજેક્ટનું કામ શરૂ થતાં જ એક ચોક્કસ જગ્યા પર એન્જિનિયરોએ હાથ ઊંચા કરી દીધા હતા. માત્ર આ જ જગ્યાએ મશીનો અચાનક બંધ થઈ જવા અને અણધાર્યા સાપ નીકળવાની રહસ્યમય ઘટનાઓને કારણે કંપની અને સરકારી અધિકારીઓમાં પણ દોડધામ મચી જતી હતી. આ સમગ્ર મામલો ૩૫૦ વર્ષ જૂના 'આસપાસ બાપા' મંદિર સાથે જોડાયેલો છે.

શું છે ૩૫૦ વર્ષ જૂના આસપાસ બાપા મંદિરનો ઇતિહાસ

સંત પંથ સંપ્રદાયના આસપાસ બાપાના આ મંદિરની વિશેષતા અંગે પૂજારી મુખી પ્રેમાભાઈ પરાગભાઈ પટેલે જણાવ્યું હતું કે, આ જગ્યા પર આસપાસ બાપાનો વાસ હતો. જૂના સમયમાં લોકો શ્રદ્ધાપૂર્વક બાપા પાસે આવી પોતાના પ્રશ્નોનું નિરાકરણ મેળવતા હતા. આસપાસ દાદાનું મૂળ નામ ધનજીભાઈ હતું. સમય જતાં આસપાસ દાદા અને તેમના સેવક મૂળજીભાઈએ આ જગ્યા પર સમાધિ લીધી હતી, જેથી લોકોની આસ્થા આ સ્થાન પ્રત્યે ઉત્તરોત્તર વધતી ગઈ હતી.

મશીનો અચાનક બંધ થઈ જતાં અને સાપ નીકળતા કામ અટક્યું

વર્ષ ૧૯૮૨માં સરકારે આ મંદિર સહિતની આજુબાજુની જગ્યા ONGC પ્રોજેક્ટ માટે સંપાદન કરી ફાળવી હતી. પ્રોજેક્ટનું કામ શરૂ થતાં જ મંદિરની જગ્યા પર મહાકાય મશીનો કાર્યરત કરવામાં આવ્યા હતા. પરંતુ, નવાઈની વાત એ હતી કે જેવું મશીન ચાલુ કરવામાં આવે કે તુરંત તે બંધ થઈ જતું હતું અને અચાનક જમીનમાંથી થોકબંધ સાપ પ્રગટ થવા લાગતા હતા. જેને કારણે વારંવાર કામ અટકાવી દેવું પડતું હતું અને આખરે એ જગ્યાએ કામ પડતું મૂકવું પડ્યું હતું.

આખરે કંપની દ્વારા જગ્યા છોડવાનો નિર્ણય

અધિકારીઓએ આ અદભૂત ઘટના પાછળનું રહસ્ય જાણવા તપાસ કરી ત્યારે ગામલોકોએ જણાવ્યું કે આ જગ્યામાં સંતનો દિવ્ય વાસ છે અને અહીં હજારો લોકોની આસ્થા જોડાયેલી છે. આખરે કંપનીએ મંદિરની આસપાસની ૧૮ વીંઘા જગ્યા છોડીને તેની ત્રણેય બાજુમાંથી કામ શરૂ કરી દીધું, જેના કારણે કંપનીનું કામ પળભરમાં સડસડાટ શરૂ થઈ ગયું હતું.

ONGCના આજુબાજુના ભાગે જવા માટે કંપનીએ ફૂટ બ્રિજ બનાવ્યો

આ મંદિરનો વર્ષ ૧૯૮૫માં ભવ્ય જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો હતો. આજે પણ આસપાસ દાદા મંદિરની આજુબાજુ અને પાછળ કંપનીનું કમ્પાઉન્ડ આવેલું છે તેમજ મુખ્ય ગેટથી મંદિર તરફ જવાના રસ્તા પર ONGCના આજુબાજુના ભાગે જવા માટે કંપનીએ ફૂટ બ્રિજ બનાવવામાં આવ્યો છે. પૂજારી પ્રેમાભાઈના જણાવ્યા અનુસાર, મંદિર બની ગયા બાદ હવે અગાઉની જેમ એકસાથે ઢગલાબંધ સાપો દેખાતા નથી, જે આ પવિત્ર સ્થળનો ચમત્કાર અને પ્રતાપ છે. આજે પણ આ સમાધિ સ્થળે શ્રદ્ધાળુઓની ભીડ જામે છે અને લોકોની આસ્થા સતત વધતી જાય છે. હાલ ભાટપોર ગામના ગ્રામજનો દ્વારા જ આ પૌરાણિક મંદિરનો સમગ્ર વહીવટ સંભાળવામાં આવે છે.

કાપોદ્રાની લોન્ડ્રી શોપમાં મધરાતે આગથી કપડાં અને ફર્નિચર બળીને ખાખ

શોર્ટ સર્કિટને કારણે આગ લાગી હોવાની આશંકા, ફાયર બ્રિગેડે દોડી જઈ આગ પર કાબૂ મેળવ્યો, સદનસીબે જાનહાનિ ટળી

સુરત : શહેરના કાપોદ્રા ચાર રસ્તા નજીક આવેલી એક લોન્ડ્રી શોપમાં રવિવારે રાત્રે અચાનક આગ ભભૂકી ઊઠતાં દોડધામ મચી ગઈ હતી. આગને કારણે લોન્ડ્રીમાં ઈસ્ત્રી માટે આવેલા ગ્રાહકોનાં તમામ કપડાં તેમજ દુકાનનું ફર્નિચર સહિતનો સામાન બળીને ખાખ થઈ ગયો હતો. જોકે, સદનસીબે આ બનાવમાં કોઈ જાનહાનિ કે ઈજા થઈ ન હતી.

પુણાગામ ફાયર સ્ટેશનના ફાયર સબ ઓફિસર દિનુ પટેલે જણાવ્યું હતું કે, પુણાગામ ચાર રસ્તા પાસે ન્યૂ લક્કી નામની લોન્ડ્રી શોપ આવેલી છે. રવિવારે રાત્રે આશરે 12:30 વાગ્યે ફાયર કંટ્રોલ રૂમ તરફથી આ દુકાનમાં આગ લાગી હોવાની જાણ કરવામાં આવી હતી.

જેથી પુણાગામ ફાયર બ્રિગેડનો કાફલો તાત્કાલિક સ્થળ પર દોડી ગયો હતો. પ્રાથમિક તપાસમાં શોર્ટ સર્કિટને કારણે આગ લાગી હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. આગે જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કરતાં દુકાનમાં રહેલા ગ્રાહકોનાં ઈસ્ત્રી માટેનાં કપડાં અને ફર્નિચર સહિતનો સામાન આગની લપેટમાં આવી ગયો હતો. જેના કારણે દુકાનમાં મોટું નુકસાન થયું હતું. ફાયર બ્રિગેડે સ્થળ પર પહોંચી આગને કાબૂમાં લેવાની કામગીરી હાથ ધરી હતી.

પરવટ ગામની ઝૂંપડપટ્ટીમાં મોડી રાત્રે આગ

સુરત : પરવટ ગામમાં મિડાસ સ્ક્વેર પાછળ આવેલી ઝૂંપડપટ્ટીમાં શ્રમજીવી પરિવારો રહેતા હતા. દરમ્યાન મોડી રાત્રે અચાનક આગ લાગવાની ઘટના બની હતી. ઝૂપડાંની અંદર મીઠી નિંદ્રા માણી રહેલા શ્રમજીવી પરિવારોમાં ફફડાટ ફેલાયો હતો. આગ જોઈને લોકો પોતાનો જીવ બચાવવા માટે ઝૂપડાંની બહાર દોડી આવ્યા હતા. જ્યારે બીજી બાજુ આગની આ ઘટના અંગે જાણ ફાયર વિભાગને કરવામાં આવતાં ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. ફાયર જવાનોએ પાણીનો મારો ચલાવી આગને વધુ ફેલાતી અટકાવી હતી અને ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો. જોકે, આગની આ ઘટનામાં ત્રણ ઝૂંપડાં સંપૂર્ણપણે આગની લપેટમાં આવી ગયાં હતાં.

દિલ્હી અને કોલકાતા રૂટ પર પણ 83.5 ટકા ઓક્યુપન્સી

સુરતથી બેંગલુરુની ફ્લાઈટમાં સૌથી વધુ 87 ટકા પેસેન્જર લોડ

ગોવા માટેની ફ્લાઇટમાં 81.7 ટકા પેસેન્જર ભરાતા એરલાઇન્સ માટે નવી ફ્લાઇટ અને ફ્રિક્વન્સી વધારવાની મજબૂત તક

જાન્યુઆરીથી સપ્ટેમ્બર 2026 દરમિયાન સારો પેસેન્જર લોડ મળ્યો

વધુ ફ્લાઇટ, વધુ ફ્રિક્વન્સી અને નવા ડેસ્ટિનેશન સુરતની મુખ્ય માંગ

સુરત ગુજરાતનું મહત્ત્વનું ઔદ્યોગિક અને વેપારી કેન્દ્ર છે. અહીંથી હીરા, ટેક્સટાઇલ, કેમિકલ, મેન્યુફેક્ચરિંગ અને અન્ય ઉદ્યોગો સાથે સંકળાયેલા વેપારીઓ તથા નોકરીયાત વર્ગની દેશભરમાં અવરજવર રહે છે. તેથી હવાઈ સેવાઓમાં વધારો થાય તો વેપાર, ઉદ્યોગ, પ્રવાસન અને રોજગાર ક્ષેત્રને પણ લાભ મળી શકે છે. વધુ ફ્લાઇટ, વધુ ફ્રિક્વન્સી અને નવા ડેસ્ટિનેશન સુરતની મુખ્ય માંગ છે.

સુરત : સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી દેશનાં ચાર મહત્ત્વનાં શહેરો માટે સંચાલિત થતી હવાઈ સેવાઓને જાન્યુઆરીથી સપ્ટેમ્બર 2026 દરમિયાન સારો પેસેન્જર લોડ મળ્યો છે. સુરત એરપોર્ટના ઉપલબ્ધ આંકડા મુજબ બેંગલુરુ રૂટ પર સૌથી વધુ 87 ટકા પેસેન્જર ઓક્યુપન્સી નોંધાઈ છે. જ્યારે દિલ્હી અને કોલકાતા રૂટ પર 83.5 ટકા તથા ગોવા (ડાબોલિમ) રૂટ પર 81.7 ટકા પેસેન્જર ઓક્યુપન્સી રહી છે.

આ આંકડા સુરતથી દેશનાં મહત્ત્વનાં શહેરો વચ્ચેની હવાઈ મુસાફરીની મજબૂત માંગ દર્શાવે છે. ખાસ કરીને જાન્યુઆરીથી સપ્ટેમ્બર 2026 સુધીના આગમન અને પ્રસ્થાન બંને દિશાના સંયુક્ત પેસેન્જર લોડને ધ્યાનમાં લેતાં એરલાઈન્સ માટે સુરતથી ફ્લાઈટની સંખ્યા અને ફ્રિક્વન્સી વધારવાની સારી તક હોવાનું એરપોર્ટ સાથે સંકળાયેલા વર્તુળો માની રહ્યાં છે.

બેંગલુરુ રૂટ સૌથી વધુ ફાયદાકારક રહ્યું છે. સુરતથી બેંગલુરુ વચ્ચેની હવાઈ સેવામાં 87 ટકા પેસેન્જર ઓક્યુપન્સી નોંધાઈ છે.







સંક્ષિપ્ત સમાચાર

ચિલ્ડ્રન્સ ડે પર સ્પાઇસ વિલામાં અનોખી ઉજવણી



સુરત : ચિલ્ડ્રન્સ ડે માત્ર ઉજવણીનો દિવસ નથી, પરંતુ બાળકોના ચહેરા પર ખુશી લાવવાનો પણ અવસર છે. આ ભાવના સાથે શહેરની સ્પાઇસ વિલા રેસ્ટોરન્ટ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ અનાથ બાળકો સાથે ચિલ્ડ્રન્સ ડેની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પાઇસ વિલા રેસ્ટોરન્ટ દ્વારા 14 વર્ષ થી ચાલતી આ પહેલ અંતર્ગત આ વખતે પીપલોદ સ્થિત ઇસ્કોન મોલ પાછળ આવેલી સ્પાઇસ વિલા રેસ્ટોરન્ટમાં આશરે 50થી 60 બાળકોને આમંત્રિત કરવામાં આવ્યા હતા. સ્પાઇસ વિલા રેસ્ટોરન્ટના ઉમેશ પવાસિયાએ જણાવ્યું હતું કે, તેઓ વર્ષોથી ચિલ્ડ્રન્સ ડે પર અનાથ બાળકો સાથે આ રીતે ઉજવણી કરતા આવ્યા છે.

AURO યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ નવી દિલ્હીમાં ચેમ્પિયન્સ ટ્રોફી જીતી

સુરત, નવેમ્બર 2026: AURO યુનિવર્સિટીની સ્કૂલ ઓફ હોસ્પિટાલિટી મેનેજમેન્ટના વિદ્યાર્થીઓએ નવી દિલ્હીની બનારસિદાસ ચાંદીવાલા ઇન્સ્ટિટ્યૂટ ઓફ હોટેલ મેનેજમેન્ટ એન્ડ કેટરિંગ ટેક્નોલોજી ખાતે ૩થી 5 નવેમ્બર, 2026 દરમિયાન યોજાયેલી 25મી ચાંદીવાલા હોસ્પિટાલિટી એન્સેમ્બલ (CHE) 2026 સ્પર્ધામાં પ્રતિષ્ઠિત ચેમ્પિયન્સ ટ્રોફી જીતીને યુનિવર્સિટીનું નામ રોશન કર્યું છે. આ રાષ્ટ્રીય સ્તરની સ્પર્ધામાં દેશભરની વિવિધ સંસ્થાઓના હોસ્પિટાલિટી ક્ષેત્રના પ્રતિભાશાળી વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.AURO યુનિવર્સિટીના વિદ્યાર્થીઓની ટીમનું નેતૃત્વ શેફ વિશાલ ગવાંડે દ્વારા કરવામાં આવ્યું હતું. વિજેતા ટીમમાં BHM વર્ષ-4ના એમ. શબ્બીર પીંપલનેરવાલા, સુશ્રી વિલિના ભોજાવાલા, સુશ્રી સામિયા શેખ અને શ્રી અમિત થારુ, BHM વર્ષ-3નાં સુશ્રી રુદ્રા દોશી તેમજ BHM વર્ષ-2નાં સુશ્રી લિઝી ગંગાણી અને શ્રી કાર્તિક મલ્હોત્રાનો સમાવેશ થાય છે.

જીવનભારતી મંડળ, સુરતના હોદ્દેદારોની વરણી

વર્ષ ૨૦૨૬-૨૭ માટે જીવનભારતી મંડળ, સુરતમાં નીચે દર્શાવેલ હોદ્દેદારોની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે. જેમાંડો. બિપીનભાઈ અમૃતલાલ દેસાઈની પ્રમુખ તરીકે, આનંદભાઈ ગોરધનદાસ ચોખાવાળાની ઉપપ્રમુખ તરીકે, રાજેન્દ્રભાઈ પ્રકાશચંદ્ર શાહની ઉપપ્રમુખ તરીકે ડો. પ્રજ્ઞેશભાઈ ચિનુભાઈ જોશીની અધ્યક્ષ તરીકે મયંકભાઈ સુમંતરાય ત્રિવેદીની ઉપાધ્યક્ષ તરીકે અજિતભાઈ ચંપકલાલ શાહની મંત્રી તરીકે, મુકેશચંદ્ર મોંઘાભાઈ દેસાઈની મંત્રી તરીકે અને ચિંતનભાઈ ભાનુકુમાર શાહની કોષાધ્યક્ષ તરીકે વરણી કરવામાં આવી છે.



અડાજણ સ્થિત 'પે એન્ડ યુઝ' ટોઈલેટ ભંગારનું ગોડાઉન બન્યું

સ્વચ્છતા સર્વેક્ષણમાં સુરત પ્રથમથી બીજા ક્રમે ધકેલાયું છતાં તંત્રની ઉદાસીનતા યથાવત્

સુરત : શહેરના અડાજણ વિસ્તારમાં આવેલા શીતલ ચાર રસ્તા પાસે કરોડોના ખર્ચે બનાવવામાં આવેલા મનપાના 'પે એન્ડ યુઝ' શૌચાલય પર દબાણખોરોએ ગેરકાયદે કબજો જમાવી દીધો છે. આ જાહેર શૌચાલયના દરવાજાને કાયમી તાળાં મારીને તેની અંદર ભંગારનું ગોડાઉન બનાવી દેવામાં આવ્યું છે. શૌચાલયની અંદર જૂનાં કબાટ, લાકડાનું ભંગાર ફર્નિચર અને અન્ય બિનવારસી ચીજવસ્તુઓ ઠાલવી દેવાયાના કારણે નાગરિકો માટે બનાવેલી આ મહત્વપૂર્ણ સુવિધા ઉપયોગને બદલે ભંગાર સંગ્રહવાનું સ્થળ બની ગઈ છે. અડાજણના લો-લેવલ બ્રિજથી નહેરુ બ્રિજ અને વોક-વે બ્રિજ સુધીના સમગ્ર માર્ગ પર ભંગારના કાટપીટિયાઓ અને અસામાજિક તત્વોએ અડિંગો જમાવ્યો છે.

અડાજણનો પ્લોટ કચરાનો ડમ્પિંગ યાર્ડ બન્યો

અડાજણના ઋગ્વેદ રો હાઉસ પાસેના મનપાના પ્લોટ પર ખાનગી કંપનીના કેબલ અને બાંધકામનો કચરો ઠાલવાતા રોષ



સુરતઃ સુરત મહાનગરપાલિકાના માલિકીના અનામત પ્લોટોની સુરક્ષા, જાળવણી અને દેખરેખ સામે ગંભીર સવાલો ઊભા થયા છે. થોડા સમય પહેલાં રાંદેર ઝોનના પાલ વિસ્તારમાં આવેલા મનપાના અનામત પ્લોટ પર ગેરકાયદે રીતે પાકી રેસ્ટોરન્ટ ઊભી કરી દેવાયાની ગંભીર ફરિયાદ સામે આવી હતી, ત્યારે હવે અડાજણ વિસ્તારમાં આવેલા ઋગ્વેદ રો હાઉસ પાસેના મનપાના અનામત પ્લોટમાં વ્યાપક ગંદકીની સમસ્યા સામે આવી છે.

સ્થાનિક રહીશોના જણાવ્યા મુજબ, આ પ્લોટ પર છેલ્લા કેટલાય મહિનાઓથી કોઈ અજાણ્યા ખાનગી કેબલ ઓપરેટર કે કંપની દ્વારા કેબલનો જથ્થો બેફામપણે નાંખી દેવામાં આવ્યો છે, એટલું જ નહીં પરંતુ આસપાસના વિસ્તારોમાં ચાલતા મકાનો કે ઈમારતોના બાંધકામમાંથી નીકળતો ડેબ્રીઝ (વેસ્ટ મટીરિયલ) અને માટીનો કચરો પણ અહીં જ ઠાલવવામાં આવી રહ્યો છે. લાંબા સમયથી તંત્ર દ્વારા આ પ્લોટની કોઈ જ સાફ-સફાઈ કે પેટ્રોલિંગ કરવામાં આવતું ન હોવાને કારણે આ જાહેર હેતુ માટેનો અનામત પ્લોટ હાલ કચરાના ડમ્પિંગ યાર્ડમાં ફેરવાઈ ગયો છે, જેના કારણે આસપાસની સોસાયટીઓમાં રહેતા નાગરિકો ભારે ત્રસ્ત થઈ ગયા છે.

મનપાના સત્તાવાર અનામત પ્લોટ હોવા છતાં સ્થાનિક સ્તરે કોઈ દેખરેખ કે સુરક્ષાના પાયાના પગલાં લેવાતા ન હોવાથી ખાનગી કંપનીઓ અને બાંધકામ કરનાર તત્ત્વો બેરોકટોક પ્લોટનો ગેરઉપયોગ કરી રહ્યા છે, જેને અટકાવવા માટે હવે રહીશો દ્વારા મ્યુનિસિપલ કમિશનર સમક્ષ લેખિત તથા મૌખિક રજૂઆતો કરવામાં આવી છે.

આ ગંભીર મામલે રહીશોએ ત્વરિત તપાસ કરાવીને પ્લોટમાં પડેલો બિનવારસી કેબલનો જથ્થો અને બાંધકામનો કચરો તાત્કાલિક ધોરણે હટાવવાની તેમજ ભવિષ્યમાં આવી સ્થિતિ ન સર્જાય તે માટે પ્લોટની ફરતે ફેન્સિંગ અથવા નિયમિત સફાઈ કરાવવાની પ્રબળ માંગ કરી છે.